# <u>પ્રેસનોટ</u>

"નિર્મળ ગુજરાત અંતર્ગત સફાઈ અભિયાન"

સ્વચ્છતાની પ્રવૃતિને વધુ આગળ વધારવા અને ગુજરાત રાજયને સ્વચ્છતા બાબતે દેશમાં એક મોડલ રાજ્ય બનાવવા તા.૨૫/૧૨/૨૦૨૩ સુશાસન દિવસે માન.મુખ્ય મંત્રીશ્રી દ્વારા "નિર્મળ ગુજરાત ૨.૦" લોન્ચ કરવામાં આવેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા "નિર્મળ ગુજરાત ૨.૦" નાં ભાગરૂપે સ્વચ્છતા હી સેવાની પ્રવૃત્તિનીને વધુ વેગ આપવા તા.૧ જુન ૨૦૨૪ થી તા.૧૫ જુન ૨૦૨૪ દરમ્યાન જનજાગૃતિ અભિયાન સ્વરૂપે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા આજરોજ  તા.૧૧/૦૬/૨૦૨૪ ના રોજ આરોગ્ય વિભાગ દ્વારા SHG ગ્રુપના સહયોગથી શહેરમાં કચરાનું વર્ગીકરણ અંગે સમજણ આપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

આ ઝુંબેશ દરમ્યાન તમામ ઝોનની તમામ વોર્ડ ઓફીસ દ્વારા તેમની આસપાસની કુલ ૧૮૦ જેટલી સોસાયટીઓમાં SHG ગ્રુપના સહયોગથી કચરાના વર્ગીકરણ કરવા અને ભીના કચરાનું ઘરે જ હોમ-કામ્પોસ્ટીંગ કરી નિકાલ કરવા સમજણ આપવાની ડ્રાઈવ હાથ ધરી તેની આસપાસના વિસ્તારમાં સફાઈ કરવામાં આવેલ, જેમાં તમામ ઝોનમાં કુલ ૯૩૮ સફાઈ કામદાર/બેલદાર, ૭૨ સુપરવાઈઝર, ૬૦ વાહનો દ્વારા નાયબ આરોગ્ય અધિકારીશ્રીની દેખરેખ હેઠળ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

સદર સફાઈ ઝુંબેશમાં સફાઈ કામદાર, NGO/SHG ગ્રુપ તેમજ શહેરીજનો સહીત કુલ ૫૨૯૯ લોકો હાજર રહેલ, સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા દરેક ઝોન વિસ્તાર માંથી કુલ ૫૦.૩૩ મે.ટન કચરો અને ૨૩૭.૪૨ મે.ટન C&D વેસ્ટ એકત્રીત કરી C&D વેસ્ટ કલેક્શન એન્ડ પ્રોસેસિંગ સેન્ટર, કોસાડ ખાતે મોકલી નિકાલ કરવામાં આવેલ છે તેમજ ટેકનીકલ વિભાગ દ્વારા કુલ ૮૯ ચો.મી. ફૂટપાથ રીપેરીંગ, ૧૯૬ ડ્રેનેજ મશીન હોલ/ચેમ્બરની સફાઈ અને ૧૮૭ ચો.મી. પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

આ ઉપરાંત આવતીકાલ તા.૧૨-૦૬-૨૦૨૪ ના રોજ શહેરની મુખ્ય સીવીલ હોસ્પિટલ, તમામ સરકારી દવાખાના, PHC, CHC અર્બન હેલ્થ સેન્ટર, આંગણવાડી અને ખાનગી હોસ્પિટલોની સફાઈ  હાથ ધરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૭૧
તા.૧૧/૦૬/૨૦૨૪